# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે આજ રોજ માન.મંત્રીશ્રી શિક્ષણની અધ્યક્ષતામાં રાજ્યના તમામ જિલ્લાના કલેક્ટરશ્રીઓ સાથે વિડીયો કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતું. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની જાહેર પરીક્ષાઓ તા.૨૮/03/૨૦૨૨ ના રોજ શરૂ થનાર છે. જિલ્લાઓમાં થયેલ પરીક્ષાના આયોજનની તૈયારીની પૂર્વ સમીક્ષા માટે જિલ્લા પરીક્ષા સમિતિના અધ્યક્ષશ્રી તરીકે કલેક્ટરશ્રીઓ, પોલીસ કમિશ્નરશ્રીઓ, જિલ્લા પોલીસ વડાશ્રીઓ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ, જિલ્લા પરીક્ષા સમિતિના સભ્યશ્રીઓનું વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરવામાં આવેલ.

ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં કુલ મળીને અંદાજે ૧૫ લાખ જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થનાર છે. સમગ્ર રાજ્યમાં કુલ ૫૦૯૪ બિલ્ડીંગોના ૫૨૨૫૭ જેટલા વર્ગખંડોમાં આ પરીક્ષાનું સંચાલન થનાર છે. જિલ્લા કક્ષાએ જિલ્લા પરીક્ષા સમિતિની બેઠકો બાકી હોય તેવા જિલ્લામાં સમયસર મીટીંગનું આયોજન કરવામાં આવશે તેમ કલેક્ટરશ્રીઓએ જણાવેલ હતું.

જિલ્લા કક્ષાએ ઉભા કરવામાં આવેલા પ્રશ્નપત્રોના સ્ટ્રોન્ગરૂમ અને પરીક્ષા બિલ્ડીંગો ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાય તેમજ સ્ટ્રોન્ગ રૂમની સલામતી માટે પોલીસ કમિશ્નરશ્રીઓને અને જિલ્લા પોલીસ વડાશ્રીઓને માન.મંત્રીશ્રીએ માર્ગદર્શન પૂરૂ પાડેલ હતું. પરીક્ષા દરમ્યાન વીજ પુરવઠા માટે સંબંધિત વીજ વિતરણ કંપનીઓ તેમજ ટ્રાન્સમીશન કંપનીઓને પરીક્ષા સમય દરમ્યાન અવિરત વીજ પુરવઠો ચાલુ રહે તેમજ મેઈન્ટેનન્સની કામગીરી પરીક્ષા સમય સિવાયના સમયમાં કરવા માટે માન.મંત્રીશ્રીએ સૂચના આપેલ હતી.

માન. મંત્રીશ્રીએ વધુમાં જણાવેલ કે, પરીક્ષા દરમ્યાન વિદ્યાર્થીઓને પરીક્ષા કેન્દ્ર ઉપર જવા માટે કોઈ મુશ્કેલી ન પડે તે માટે એસ.ટી. બસોના અવર-જવર માટેનું સમયપત્રકનું ઝીણવટભર્યુ આયોજન કરવા તથા કોઈ વિદ્યાર્થીને પરીક્ષા સ્થળ પર પહોંચવામાં મુશ્કેલી પડે તેમ હોય તો તે માટે સંબંધિત જિલ્લા વહીવટી

તંત્રએ તેમજ સ્થાનિક પોલીસતંત્રએ વ્યવસ્થા કરવા સૂચના આપેલ છે. જિલ્લામાં જિલ્લા પરીક્ષા સમિતિએ ગોપનીય રીતે નિયત કરેલ સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ પરીક્ષા કેન્દ્રો પર જિલ્લાના વર્ગ-૧ અને વર્ગ-૨ ના અધિકારીઓને પરીક્ષા સમય દરમ્યાન હાજર રહેવા માન.મંત્રીશ્રીએ સૂચના આપેલ હતી.

માન.મંત્રીશ્રીએ વિડીયો કોન્ફરન્સ દરમ્યાન જિલ્લા કલેક્ટરશ્રીઓ દ્વારા પરીક્ષા સંબધે જિલ્લામાં કરેલ કામગીરીની સરાહના કરેલ હતી. દરેક જિલ્લાઓએ પણ પરીક્ષા સંબંધી SOP પ્રમાણે ચૂસ્ત પાલન કરાવીને વિદ્યાર્થીઓ સારા વાતાવરણમાં પરીક્ષા આપી શકે તેમજ પરીક્ષા પૂર્વે ખોટી અફવાઓથી પ્રભાવિત ન થાય તે મુજબ રાજ્ય / જિલ્લા કક્ષાએથી આવી અફવાઓનું ખંડન થાય તેવી ત્વરિત કાર્યવાહી કરવા તેમજ જિલ્લા કક્ષાએ આવા તત્વો સામે ઝડપથી કાર્યવાહી કરવા માન.મંત્રીશ્રીએ તમામને સૂચના આપી.

જિલ્લા કલેક્ટરશ્રીઓએ પરીક્ષા અંગે થયેલ આયોજનના પ્રતિભાવો અને કામગીરીની વિગતો આપેલ હતી અને બોર્ડની જાહેર પરીક્ષાની કામગીરી ખૂબ જ સંતોષકારક અને મુશ્કેલી સિવાય દરેક જિલ્લાઓમાં પૂર્ણ થશે તેવી ખાતરી આપેલ હતી.

ઉક્ત વિડીયો કોન્ફરન્સમાં રાજ્ય કક્ષાએથી ડૉ.વિનોદ રાવ, સચિવશ્રી, શિક્ષણ વિભાગ, શ્રીમતી નિપૂણા તોરવણે, સચિવશ્રી, ગૃહ વિભાગ, શ્રી એન.એન.કોમર એડીશનલ ડી.જી.પી., શ્રી એમ.એ. ગાંધી, એમ.ડી., ગુજરાત એસ.ટી. કોર્પોરેશન, મહેસૂલ વિભાગ, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ, શ્રી એ. જે. શાહ, અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપસ્થિત રહેલ હતા.

(ડી.એસ.પટેલ)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા.૧૪/03/૨૦૨૨
સ્થળ : ગાંધીનગર